No. 326

મારો [illegible]!

(એક ઐતિહાસિક રસિક વાર્તા)

"નવયુગ" મુદ્રણાલય-સુરત.

ત્રિરંગી રાષ્ટ્રધ્વજ !

ઉંચે આસમાનમાં ઉડતો; અનેરા ભાવ કૈં ભરતો;
ફિરસ્તો શાંતિનો એ તો, ત્રિરંગી રાષ્ટ્રધ્વજ મારો.
પુરાણી સંસ્કૃતિ—કીર્તિ, હૃદયનાં પ્રેમ ને ભક્તિ;
સકળ સંમાનની મૂર્તિ, ત્રિરંગી રાષ્ટ્રધ્વજ મારો.
નહિ નામી શકે દુશ્મન, ભલે મુર્દા પડે લાખો;
ફરકતો એ સદા રહેશે, ત્રિરંગી રાષ્ટ્રધ્વજ મારો.
સૂણીને સાદ ઉતરશે, વીરોની ફોજની ફોજો;
અમૂલા પ્રાણ પાથરશે, ત્રિરંગી રાષ્ટ્રધ્વજ મારો.
સનન કરતી છૂટી ગોળી, હડૂલી ફૂલની માની,
ઝીલી; જયનાદ ત્યાં ઉઠશે; ત્રિરંગી રાષ્ટ્રધ્વજ મારો.
વહ્યા જળધોધ શું અટકે? છૂટેલાં બાણ શું વળશે?
ચઢયો તે શું કદી પડશે? ત્રિરંગી રાષ્ટ્રધ્વજ મારો.

માંડવી, (જી. સુરત.) } કલ્યાણજી વિઠ્ઠલભાઇ.

આસે સમુદ્રવજ!

પિતાપુત્રનું બલિદાન!

(૧)

કોરીયાનો નાનકડો રઢિયાળો પ્રદેશ જાપાનના કબજામાં પડયો છે. યુરોપને કમરપટે લટકતી તલવાર સમો એ રૂપાળો દેશ રાષ્ટ્રજીવનના હીંડોલ ઉપર હીંચવાને બદલે જાપાની નોકરશાહીના દોર ઉપર દુર્બળ-બિછાનાવશ પડયો છે. તેનું બલહીન–તેજહીન–પ્રાણહીન ખોખું જાપાનના મદાંધ અધિકારીઓ ચુંથી રહેલા છે. કોરીઓનાં સુગંધીમય પુષ્પોની સુવાસ ઉડી ગઇ છે. તેનાં રમ્ય ઉપવનો ખાવા ધાય છે; લીલી છમ વાડીઓ સુકાઇને વેરાન થઇ ગઇ છે. અને કોરીઆનાં ભાવિ આશારુપ સંતાનોના મુખ ઉપર પ્રજાજીવનની ઝલક નહિ, પણ ગુલામોની છાયા બોલી રહી છે.

પણ પૃથ્વી માતાની કુખમાંથી અનેક રત્નો પાકયાં છે, પાકે છે અને પાકશે. કોરીયામાં પણ અનેક રત્નો પેદા થવા લાગ્યાં. [illegible] જાપાની સરકારે [illegible] ભાર [illegible] જેમ જેમ નિર્દોષ આત્માઓના બલિદાન લેવા માંડયા, તેમ તેમ કોરીયામાં અનેક વિભૂતિઓ પેદા થવા લાગી અને તેમણે માતૃભૂમિને દીપાવી.

એક ૧૩ વર્ષની ઉમ્મરનો કોરીયાવાસી બાલક કુરોટ પોતાની નાનકડી ઓરડીમાં " કોરીયાની કરૂણકથા " એ નામનું જાપાની દૃષ્ટિએ ફીતુરી ઠરેલું પુસ્તક એકધ્યાનથી વાંચી રહયો છે. પાસેના એક પટારામાં થોડીક નિશાળની ચોપડીઓ, ઐતિહાસિક પુસ્તકો પડયાં છે. પાસે એક ભુરા કપડાથી વીંટેલું

દફતર પડયું છે. તેમાં ઉપર નીચે ચોપડીઓ અને નોટબુકો છે. અને વચ્ચે કોરીયાના નામાંકિત પુરૂષોના ફોટા બહુજ સંભાળથી રાખેલા છે. ઓરડીનું બારણું અધખોલું છે. જરાક કંઈ ખખડાટ થતાં કે દાદરનાં પગથીયાં ઉપર સ્હેજ પણ પગરવ થતાં તેનું કાળજુ ફફડી ઉઠે છે. અને તે ચોપડી અને દફતર સમેટી લે છે. કારણ તેના પિતા જાપાની સરકારના સંનિષ્ઠ નોકર હતા. અને તેનો એકનો એક પુત્ર કોરીયાની સ્વતંત્રતાને રસ્તે ચડી જાય, તો જાપાની સરકાર તેના આખા કુટુંબને જોતજોતામાં રેંસી નાંખે એવો તેને ડર રહેતો હતો.

કુરોટ કોરીયા ઉપર ગુજરેલા સીતમોના હૃદયવેધક પ્રસંગો વાંચવામાં તલ્લીન થઈ ગયો. તેને ક્ષણભર પોતાના પિતાની ગુલામી દશાનું વિસ્મરણ થઈ ગયું અને માતાકોરી-યાના દુઃખદરિયાવમાં ગરક થઇ ગયો. તેનો પિતા નોરો તેની ઓરડીમાં આવી પહોંચ્યો અને પુત્રને એકચિત્તે અભ્યાસ કરતો જોઇને તેને બેહદ આનંદ થયો. કોરીયાના કારભારના કોઈ મોટા ભાવિ હોદ્દેદારના પિતા થવાના કિલ્લા તેણે તત્ક્ષણ ચણી લીધા! અને કુરોટ પાસે જઇને ઉભો.

નોરો:—બેટા કુરોટ! એકી શકે બહુ ના વાંચ; આંખો બગડશે.

કુરોટ એકાએક પિતાના અવાજથી ચળી ઉઠ્યો! તેને ધોળાંપીળાં દેખાવા લાગ્યાં. શું કરવું તે સુઝયું નહિ. થોડી વારે દફતર સમેટીને ચોપડી છુપાવી દેતાં બોલ્યો, "કોણ, બાપુ!"

નોરો:—(ચોપડી ઉપર નજર જવાથી) આ કયું પુસ્તક છે?

કુરોટ ગભરાઇ જાય છે. નોરો પુસ્તક જોઇને સ્તબ્ધ થઈ જાય છે. તેનું મ્હોં લાલચોળ થઇ જાય છે. નોરો ખુબ તપી જઇને કુરોટને ચોટીમાથી પકડીને દૂર ધકેલી મૂકે છે અને

દફતર અને પેટી ફેંદી નાંખે છે. તેમાંથી પેલા ફોટા અને વિદ્યાર્થી સંમેલનમાં કુરેટની મંત્રી તરીકેની નિમણુકનાં અને ૨ જી માર્ચને દિવસે રીતુરીઓની સભામાં હાજર રહેવાના તથા સ્વયંસેવક બનવાના ઠરાવો વગેરેનાં કાગળીયાં તેના હાથમાં આવ્યાં. કુરેટ તો પૂતળાની માફક શી આફત આવે છે, તેની રાહ જોતો બેઠો.

નોરો:–(દાંત પીસીને) હરામખોર, આવા ધંધા માંડયા છે ? મારા ઘરમાં આ ધતીંગ શાં ? તને ખબર છે કે તારો આ કૃતવો જો પોલિસ જાણે તો મારૂં ને તારૂં માથું ધડથી વેગળું થાય ?

કુરેટ ચુપ રહે છે. નોરો આગળ ચલાવે છે. હું વર્ષોથી સરકારની નોકરી કરતો આવું છું. સરકારે મારી બાહોશ કારકીર્દિને માટે, અને નિષ્ઠા માટે શિરપાવ બંધાવ્યા છે, તેનો છોકરો આવો કુલાંગાર ક્યાંથી પાકયો ! ખબરદાર ! કાલથી મારી રજા વિના ઘરની બ્હાર નીકળ્યો તો !

કુરેટે હમણાંજ સત્યાગ્રહી નાયકોનાં ચરિત્રો વાંચ્યાં હતાં. તેને જરા હિંમત આવી અને પૂછ્યું:–કેમ ?

નોરો:–માથું ફોડવા, કમબખ્ત ! વધારે બોલ્યો તો જીભ તોડી નાખીશ !

કુ:–પણ પિતાજી ! દેશભક્ત થવું એ તો આપણી પહેલી ફરજ !

નો:–(એક લપડાક લગાવીને) જોયો મોટો દેશભક્ત ! નીકળ ઘરમાંથી ! અને ભીખ માગી ખા ! તારા જેવો નામ બોળુ છોકરો મારે ના જોઇએ !

કુ:–પિતાજી ! દેશભક્ત થવામાં આબરુ વધે કે ઘટે ? મોટમોટા પુરુષોએ દેશસેવા કરીને નામના...

નો:–(એક લાત મારીને) તારું ભાષણ બંધ કરે છે કે નહિ ?

કુઃ—હું સભામાં ગયા વગર નથી રહેવાનો. જોઈએ તો મારી નાંખો !

નોઃ—તને ખબર છે, ઓ બેવકુફ ! જ્યારે હું એક નામાંકિત જેલનો મોટો અધિકારી (જેલર) હતો. ત્યારે મેં તારા જેવાં બહુ છોકરાંને ઠેકાણે આણ્યાં હતાં ! અને જે કોઈ લઠ કરતું તેને ઠેઠ સ્વધામ પહોંચાડવાની મને સત્તા હતી અને તેનો અમલ પણ મેં અચ્છી રીતે કર્યો છે. કોરીયાનો વાવટો ફેરવવાના ફીતુરના ગુન્હા માટે આ હાથે મેં કેટલાકને કાપી નાંખ્યા છે ! મને ગુસ્સો ચડે, ત્યારે હું મારા છોકરાને પણ કાપી નાખું એવો ભયંકર માણસ છું, એની તને હજી ખબર નહિ હોય !

કુઃ—એ ખબર આપીને આજે આપે મને નવું બળ આપ્યું ! પિતાજી ત્યારે મારે ગળે તલવાર ફેરવી દોને !

નોરો જરા થંભી જઈને ખૂબ ગુસ્સાથી કુરોટને બે ચાર સોટીઓ ફટકારે છે, અને કુરોટ ચોધાર આંસુએ રડે છે.

નોઃ—(કોરીયાની કરુણ કથા બતાવીને) આ ચોપડાં વાંચીને તને આ ઉદ્ધતાઈ આવી કે ? (ચોપડી ફાડીને તેના ઝીણા ટુકડા કરીનાંખીને તે ફેંકી દે છે) એ ચોપડી કોની ?

કુઃ—મારા મિત્ર માઇચોએ મને આપી હતી !

નોઃ—માઇચો ? એનો બાપ તો મારો કેદી હતો અને સરકારના હુકમથી મારી સામે તેને જેલમાં ગરદન મારેલો !

એટલામાં નીચે રસ્તા ઉપર, ઢાંઢી પીટાતી સંભળાઈ. તેમાં જાહેર થયું કે બીજા માર્ચે સીયુલ (કોરીયાની રાજધાની) શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સભા ભરવી નહિ. આ ફરમાનનો ભંગ કરનારને તત્કાળ ગરદન મારવામાં આવશે.

નો:—જો, હેવાન ! આ હુકમ સાંભળ્યો !

ફુ:—હા જી

× × × ×

(૨)

ફુરોટની આંખો લાલ જોઇને તેની માતાને આંસુ આવી ગયાં. તેના શરીર ઉપરનાં સોળ જોઈને માતાનું વાત્સલ્ય ઉભરાયુ તે દિવસે નોરોના ઘરમાં રાંધ્યાં ધાન એમને એમ રહ્યાં. ફુરોટા પોતાના મિત્ર માઇયોને ત્યાં ગયો. માઇયો તેનો દિલજાન મિત્ર હતો. બન્ને સરખી વયના અને સરખા વિચારના હતા. રાષ્ટ્રીય ધ્વજને માટે જેલમાં ઠાર થયેલા પિતાનો પુત્ર માઇયો રાષ્ટ્રીય ધ્વજની કોઈ અનેરી આગથી સળગી રહ્યો હતો. સ્વદેશના જ વિચારોમાં તે મશગૂલ રહેતો. ફુરોટે આવીને તેને કોરીયાની કરૂણકથાનો અને સાથે સાથે પોતાની કરૂણકથાનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને મનનો ભાર હલકો કર્યો. પછી જાહેર સભાની ગુફતગો ચાલી:

ફુ:— ઢંઢેરો સાંભળ્યો ? હવે કેમ થશે !

મા:— શું થવાનું ? કંઇ સભા બંધ રહે ? ૧લી માર્ચે સભા ભરવાની છે અને તેમાં કોરીયાની સ્વતંત્રતાની ઘોષણા થશે. આ બધી વાત છુપી રાખજે. સરકારના ખ્રીસ્તીઓ પણ જાણવા ના પામે !

ફુ:—હા; હા; પછી જુઓ મઝા ! પોલિસવાળાઓ તો ખરે-ખરા કિલ્લુ બનવાના કેમ ? પણ વાવટાનું શું ?

મા:—અરે ! વાવટા તો લાખો તૈયાર થઈ ચૂક્યા છે. આપણે માટે ૪ મોટા અને ૫૦ નાના વાવટા આવવાના છે.

ફુ:—તો એમાંથી ત્રણ મોટા અને ૩૦ નાના મારા લત્તાના.

મા:—ભલે, પણ જોજે, વાવટા ક્યાં છે ખબર છે ? ...

કુ:—હા, હા, પેંડા છે પેંડા; પેંડા કરતાં વધારે મીઠાં—મધુરાં !

મા:—એ તો ખબર પડશે. (હાથ ઉપરનાં સોળ બતાવીને) જો ને આ બધા પેંડા સવારે તારા બાપે ખવડાવ્યા તે ફૂટી નીકળ્યા છે તે ! ઠીક, પણ જો, તને કુલ ૧૧ વાવટા મળશે.

કુ:—ઠીક ભાઈ, એટલા તો આપજે ! હમણાં તારી પાસે બે છે, તેમાંથી એક તો આપ !

મા:—કોની મગદૂર છે કે મારા એ વાવટાને હાથ લગાડે!

કુ:—મારી, દોસ્ત !

મા:—આવ ત્યારે જોઉં (બન્ને વચ્ચે દ્વંદ્વ ચાલે છે, પણ જેના પિતાએ વાવટા માટે માથું આપ્યું તેનો પુત્ર ડગે ખરો ! કુરોટ થાકી ગયો. છેવટે આજીજી કરવા લાગ્યો)

મા:—વાવટો આપું ! પગે લાગીશ ?

કુ:—અરે ! સાત વાર લાગીશ !

મા:—ભલે "સરકાર" કહીશ ?

કુ:—તને સરકાર કહું ? "સરકાર" એ શબ્દ મને તો રુવે રુવે ભાલા જેવો ખુંચે છે ! આપણી જન્મભૂમિને ગુલામી દશામાં રાખનારી જે સત્તાને સરકાર કહેવામાં આવે છે, તે કલંક લગાડનારૂં નામ તને આપું ? એક નૃસિંહ લગાડનારી કોરીઆની જેમ સરકાર આવે છે, મેવા ઝુંટે, જુલમગાર સરકારનું નામ તો મારા દુશ્મનોને પણ ન મળે, એમ ઈશ્વર પાસે માંગી લે.

મા:—શાબાશ ! દોસ્ત ! લે આ રૂડો તને બક્ષિસ !

બાઈઓની ઓરડીમાં ધમાધમી ચાલવાથી બાઈઓની માતા જાગી ઊઠી ! તેને તો યમરાજે પોલિસના ભણકારા સંભળાયા ને ઉપર આવીને આંખેથી જોઈ રહી. બાળકોના ઝઘડા આરામમાં

દેહનું બલિદાન આપનાર પુત્રની જનેતા હોવાનો ખ્યાલ આવતાં તેનું હૈયું આનંદથી ઉભરાવા લાગ્યું. તેણે બન્ને બાળકોને પાસે બોલાવ્યા અને પાસેની આરામ ખુરસી ઉપર બેસીને કહ્યું.

"બેટા માહ્યો, મેં તને હજી તારા પિતાના મૃત્યુની વાત કરી નથી. તને આશ્ચર્ય થશે કે આ રાષ્ટ્રીય ધ્વજને માટેજ તારા પિતાનો ભોગ લેવાયો છે. દુષ્ટ અત્યાચારીઓએ તેમના પવિત્ર દેહના ટુકડે ટુકડા કરવાનું રાક્ષસી કામ કર્યું હતું (તેની આંખમાં આંસુની ધાર ચાલી જાય છે. બાળકો પણ રડવા લાગે છે.) તારા પિતા આ જુલ્મી સરકારના દુશ્મન હતા, દેશભકત હતા; તેમણે એક ગુપ્ત સ્થાનમાં છુપી સભા સ્થાપી હતી. આ જુલ્મી શાસનની જડ ઉખાડીને માતૃભૂમિને મુકત કરવાનીજ તેમને ધગશ હતી. એ મંડળમાં આજના બધા જાણીતા નેતાઓ સભાસદ હતા. અને ત્યાંથી "રીતુરી" સાહિત્ય પણ પ્રગટ થતું હતું. એક વખત એ સમિતિના સભાસદ અને તારા પૂજ્ય પિતાના મિત્રે પોતાના ઘર ઉપર રાષ્ટ્રીયધ્વજ ચડાવ્યો. જુલ્મી સરકારથી કોરીયાની સ્વાતંત્ર્ય ભાવના રેલાવતો આ રાષ્ટ્રધ્વજ જીરવી ન શકાયો અને તેમને મુસકેટાટ બાંધીને લઈ ગયા અને નિર્દયપણે કાપી નાંખ્યા! અને કુરેશી, તારા પિતા તે વખતે એજ સમિતિના મેમ્બર હતા." (કુરેશી શરમાઈ જાય છે)

"રાષ્ટ્રીય ધ્વજનો ગૌરવ સંરક્ષણ કરવા ગુપ્ત-સમિતિએ સત્યાગ્રહનો ઠરાવ કર્યો કે દરેક સભાસદે રાષ્ટ્રીય ધ્વજ છાતી ઉપર લગાડવો અને ઘર ઉપર ચડાવવો. આ ઠરાવ કરનારા તારા સ્વર્ગસ્થ પિતા હતા, માહ્યો!"

"બીજેજ દિવસે શહેરમાં ઠેકઠેકાણે રાષ્ટ્રીય ધ્વજ ફરકી રહ્યા. જુલ્મી સરકાર વિકરાળ વાઘની માફક કૂદી. ફરી ધ્વજ રાખનાર એકેએક [illegible] ચીભડાની માફક કાપી નાંખ્યા!

અને હજારો બીબુરુષોથી જેલો ભરી દીધી ! એ જેલનાં સંકટો ! પ્રભુ ! દુશ્મનને પણ એ દશા ન હોજો !"

(ડુસકે ડુસકે રડે છે)

"છેવટે તારા પિતાનો વારો આવ્યો. એમના ઉપર તો સરકારની આંખો ફાટી રહેલી ! અને આઠ્યો ! તને મારા ખોળામાં સોંપીને તારા પિતા જેલની દિવાલો પાછળ અદૃશ્ય થઈ ગયા ! હું એક દિવસ તેમને જેલમાં મળવા ગઈ. મને મુશ્કેલીથી એત્રણ મિનિટની રજા મળેલી. તારા પિતાએ તે વખતે મને શું કહેલું ? હા—એ શબ્દો હજી મારા હૈયામાં કોતરાઈ રહેલા છે! એ સંદેશાનો અક્ષરે અક્ષર મારી રગોમાં પ્રસરી ગયો અને એ સંદેશો જ તને મારા દુધનાં અમી પાઈને પહોંચાડ્યો ! તેમણે છેલ્લી વખતે કહ્યું:—

"હું તો માતા કોરીયાને આ દેહનું બલિદાન ચડાવું છું. અને જો તું મારી ખરેખરી સહધર્મચારિણી હોય તો મારા પુત્રનો માતૃભૂમિને ભોગ ધરી દેજે ! અને જે ઇશ્વરે અહીં આપણો મેળાપ કરાવ્યો, એજ ઇશ્વર બીજી દુનિયામાં આપણને ફરીથી મેળવશે અને આપણે ઋણમુક્ત બનીને ત્યાં વધારે આનંદથી રહીશું. એટલુંજ, બસ, જા ! ઇશ્વર તને વિકટ દુઃખો સહન કરવાનું બળ આપો !"

"આઠ્યા ! ત્યારથી મને એકજ વિચાર આવે છે અને તે તારા બલિદાનથી ગુલામીની બેડીઓ તોડવાનો. અને આ એજ ધ્વજ ફરકાવવાનો તારો નિશ્ચય જોઈને મારું જીવન હું સાર્થક થયેલું માનું છું. અમારા એ મેળાપ પછી થોડાજ વખતમાં તારા પિતાના શરીરના કટકા અમે ભાળ્યા ! [illegible]

[illegible] તેમનાં [illegible] ઉપર ઉછળી રહ્યું છે. કેમ ન ઉછળે ! [illegible]

જે દેશમાં પાકે તે દેશની પ્રજાને ઘડીભર ગુલામ રાખવાની કોની તાકાત છે ? ગમે તેવા પશુબળના પહાડ આ નિશ્ચય બળના પ્રતાપ આગળ પીગળી જાય, અને ગમે તેવું ભયંકર મૃત્યુ એક સાધારણ વિનોદ થઈ જાય !

* * * *

(૩)

૧ લી માર્ચનો એ દિવસ આવ્યો. સીયુલ શહેરના એક મકાનમાં રાષ્ટ્રીય નેતાઓ એકત્ર થયા છે. અધિકારીઓને પણ નિમંત્રણ મળ્યાં છે.

ભોજનાદિ ક્રિયા પૂરી થઈ; એટલામાં એકાએક રાષ્ટ્રીય નેતાઓ ઉભા થયા અને "માતા કોરીયાની જય"થી હોલ ગાજી ઉઠ્યો ! અધિકારીઓ મૂઢ બની ગયા, ટેલીફોન ઉપર ટેલીફોન છૂટ્યા; અને સરકારી મોટરો આવી પહોંચી, જેમાં બધા આગેવાનો કડીબંધ વિદાય થયા ! લોકોની પ્રચંડ મેદની હોટલ આગળ જામી અને આખા શહેરમાં અને ગામેગામ કોરીયાનો જયઘોષ ગાજી રહ્યો !

બીજે દિવસે શહેર ઉજ્જડ દેખાવા લાગ્યું ! દુકાનો, બજાર બંધું બંધ ! ચકલું પણ ફરકતું ન દેખાય ! સંહાર ભૂમિ પડી હોય તે આ શું ધાંધલ ? લશ્કર, પોલીસ, અને લુંટારાની ફોજો શહેરમાં ફરવા લાગી ! એ શૂન્ય જેવાં લતાઓ પિશાચ અને પ્રેતોવાળાં સ્મશાનો જેવા દેખાવા લાગ્યા. વેપારીઓને સંગીનો ભોંકીને દુકાનોનાં બારણાં તોડીને દુકાનો ખોલાઇ ! પણ વેપારીઓ દુકાનોમાં ધંધો કરવાને બદલે કોરીયા-માતાનાં ગીતો ગાવા બેઠા ! વેપાર તો બંધ જ રહ્યા ! સંગીનોને બળે તે વેપાર થતા હશે ? શાળા કોલેજોમાં શિક્ષકો કોને ભણાવે ? એક વિદ્યાર્થી આવતો !

એક નિશાળમાં નવાં વિદ્યાર્થીઓ આવ્યા. નિશાળના હેડ માસ્તરનો આનંદ તો માય નહિ ! તેની વફાદારી સાબીત કરવા તેણે અધિકારીઓને બોલાવ્યા, અને છોકરાઓને પેંડા વહેંચાવ્યા. જાપાન સરકાર પ્રત્યે ઉપકારનાં ગીતો ગવાયાં. અમલદારોએ જાપાન સરકારના અનહદ ઉપકારોની કથાઓ અચ્છી રીતે સંભળાવી ! પણ આ શું ? એક ૧૩ વર્ષનો બાળક ઉભો થયો અને તેના પાકીટમાંથી રાષ્ટ્રીય ધ્વજનું બંડલ કહાડીને એક એક ધ્વજ બધાને આપવા માંડયો. હેડમાસ્તર તો મૂઢ બની ગયો ! તેનું મ્હોં પહોળું થઈ ગયું ! આંખો જાણે ફાટી ગઈ ! એકદમ એકેએક વિદ્યાર્થીની છાતી ઉપર વાવટા ફરકવા લાગ્યા. અને પળવારમાં નિશાળનો ઓરડો જાણે રીતુરી પરિષદ્ બની ગયો અને ગાજી ઉઠયો, "અમર રહો માતા કોરીયા" ! અધિકારીઓ એક પછી એક ચુપચુપ ભાગી ગયા ! એ બાળક પેલો ભાઈયો ! પણ કુરોટ ક્યાં ?

× × × ×

(૪)

એક ઓરડાના દરવાજા બંધ છે. એક બાળક મુસ્કેટાટ બંધાઈને પડયો પડયો ચોધાર આંસુએ રડે છે. તેનું હૃદય નિશાળમાં છે, વાવટાના સરઘસમાં છે. એજ આપણો બાલ નાયક કુરોટ ! તે નિશાળે જતો હતો, ત્યારે તેના પિતાએ તેને અટકાવ્યો:—

નો:—ક્યાં જવું છે ?

કુ:—નિશાળે.

નો:—નથી જવાનું.

કુ:—કેમ ?

નો:—એમ !

કુ:—હું જવાનો.

નોરોએ એ થપ્પડ સહી લીધી અને કુરોટને દોરડાથી બાંધીને ઓરડીમાં પૂર્યો ને બહાર તાળું ઠોકયું! કુરોટે ઘણા પ્રછાડા માર્યા પણ દોરડું મજબૂત તે છુટે કેમ? છેવટે દાંત વડે કાપવા માંડયું. અને દાંતમાંથી લોહી નીકળવા માંડયું! છતાં ઉદ્યમ તો ચાલુજ રાખ્યો. એટલામાં કોરીયાનો જયઘોષ સંભળાયા કુરોટના દાંતના પવિત્ર લોહીથી દોરડું પલળ્યું, નરમ થયું અને કરપાયું. દોરડાં અંતે બારી વાટે કુરોટ નીચે ઉતરી પડયો અને સરઘસમાં સામેલ થઇ ગયો; કુરોટ અને માણસો પરસ્પર ભેટ્યા!

થોડીવારમાં તો કોરીયન બ્હેનોનું એક સરઘસ પાવટા સાથે બળી ગયું. પોલિસ અને લશ્કર ખાતાંઓમાં દોડધામ થઇ રહી અને ટેલીફોનનાં તારનાં દોરડાં બોલી ઉઠયાં!

× × ×

(૫)

૫૦૦ લશ્કરી સિપાઇઓની એક ફોજ સામે ધસી આવે છે; તોપો, બંદુકો અને તલવારોના અવાજ એકો એક સંભળાયા. બંદુકોની ગોળીઓનો સુસવાટ ચાલી રહ્યો અને ઘડીકમાં તો હજારો સ્ત્રી પુરૂષો અને બાળકો જમીનદોસ્ત થઇ ગયાં! હજારો મોટરે ગાડાં ભરી ભરીને જેલો તરફ રવાના થયાં.

કુરોટની ગરદન વાઘના જેટલી ફુરતીથી એક બિહામણા સિપાઇએ પકડી છે.

સિપાઇ:—વાવટો ફેંકી દે!

કુ:—કદી નહિ, એ તો મારૂં નાક.

સિ:—એમ, ઠીક ત્યારે લે! (તલવારથી નાક કાપી નાંખે છે)

કુ:—(લોહી લુહાણ) એ તો મારા હાથપગ.

સિ:—ઠીક એ પણ (હાથ પગ કાપી નાંખતાં કુરોટ જમીન ઉપર ઢળી પડે છે.)

કુ:—(મ્હોં વડે વાવટો પકડીને) એજ મારો પ્રાણ !

સિ:—લે ત્યારે લેતો જા. (માથું કપાઇને વેગળું પડે છે)

કુરોટનો પિતા તોરો આ દ્રશ્ય જોઇને થંભી ગયો. તેની આંખે અંધારાં આવી ગયાં. તે પેલા જમડા જેવા સિપાઈ જોડે આવ્યો અને તેને એક ધપ્પો મારીને કહ્યું:—

"ઓ નરાધમ! મને ઓળખે છે? આ શું કર્યું ?

સિ:—બરાબર; તું જાપાન સરકારનો બેવફા નોકર !

નો:—પણ ઓ રાક્ષસ! આટલા બાળકને આમ કાપતાં તને શરમ ના આવી?

સિ:—બસ કર; હેવાન, તેં કેટલા જણના ભોગ લીધેલા તે યાદ કર!

(તોરો ઝંખવાણો પડી જાય છે. તેનાં આગલાં પાપ તેને ડંખે છે.)

સિ:—આ ઝંડાને હાથ લગાડનારનો પ્રાણ લેવાનો મને હુકમ થયો છે.

નો:—(પોતાના પુત્રના પુનિત લોહીથી ખરડાયલો રાષ્ટ્રીય ધ્વજ ઉપાડી લઇને) ઠીક, ત્યારે મને પણ માર

સિપાઇની ખુની તલવાર તોરોની ગરદન ઉપર ફરી. વફાદાર અને જાપાન સરકારના સંનિષ્ઠ ભક્ત જેલરનું મસ્તક કોરીયાનો જયઘોષ કરતું આઝાદ બનીને જમીન ઉપર નાચવા લાગ્યું ! ઉંચા આકાશમાંથી ગર્જના ઉઠી,

"અમર રહો માતા કોરીયા! અમર રહો કોરીયાના દેશભક્તો!"*

કાલિદાસ હરખશંકર શેલત.

* હિંદી ઉપરથી

'નહિ નમશે નિશાન !'

(નહિ રમેની સરકાર—એ રાહ)

નહિ નમશે, નહિ નમશે, નિશાન !
ભૂમિ ભારતનું: નહિ નમશે૦
ભારતની એ ધર્મધ્વજાનું, (૨)
સાચવશું સન્માન !—ભૂમિ ભારતનું: નહિ નમશે૦
ઐક્ય તણો એ અમરપટો છે, (૨)
મુક્તિનું વરદાન !—ભૂમિ ભારતનું: નહિ નમશે૦
ભારત માના મંદિર પર એ, (૨)
શાંતિનું એંધાણ !—ભૂમિ ભારતનું: નહિ નમશે૦
ચક્ર સુદર્શન અંકિત એ તો, (૨)
હિન્દી જનના પ્રાણ !—ભૂમિ ભારતનું: નહિ નમશે૦
સફેદ, લીલું, લાલ—ત્રિરંગી (૨)
વિરોધનું સંધાણ !—ભૂમિ ભારતનું: નહિ નમશે૦
સફેદમાં સહુ ધર્મ ધાર્યું, (૨)
ઇશ્વરનું ફરમાન !—ભૂમિ ભારતનું: નહિ નમશે૦
લીલામાં ઇસ્લામી ધર્મ (૨)
રાખ્યું પાક કુરાન !—ભૂમિ ભારતનું: નહિ નમશે૦
લાલ સનાતન આર્ય ધર્મનું (૨)
મંગળ મૂર્તિમાન ! ભૂમિ ભારતનું: નહિ નમશે૦

અચળ અમારે આંગણું એ તો (૨)
સ્વરાજ્યનું મંડાણ !—ભૂમિ ભારતનું : નહિ નમશે

સાચા હિન્દી શૂરાઓનું (૨)
એ છે વિજય સુકાન !—ભૂમિ ભારતનું : નહિ નમશે

નિર્ભયતાની નોબત છે એ (૨)
પ્રેમ તણું શુભ ગાન !—ભૂમિ ભારતનું : નહિ નમશે

જગદુદ્ધારક ઝળકે એમાં (૨)
ગાંધીજીનું જ્ઞાન !—ભૂમિ ભારતનું : નહિ નમશે

એની ટેક નિભાવા કાજે (૨)
તન, મન, ધન કુરબાન !—ભૂમિ ભારતનું : નહિ નમશે૦

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ.

વંદે માતરમ્

મુદ્રક અને પ્રકાશક:—પરાગજી ખંડુભાઈ દેસાઈ.